Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

આથી યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રી તેમજ સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ (હેલ્પ સેન્ટર)ને જણાવવાનું કે, ઉમેદવાર દ્વારા ઓનલાઈન કરેલ પ્રવેશ અરજીની વેરીફીકેશનની પ્રક્રિયા દરમિયાન કેટલીક ખામીઓ રહે છે. જયારે વેરફીકેશન પ્રક્રિયા દરમિયાન કોઈ વિદ્યાર્થીએ ભુલથી કોઈ અન્ય બોર્ડ કે અન્ય સ્ટ્રીમ, અન્ય યુનિવર્સિટી કે સેમેસ્ટર/વાર્ષિક ધોરણ અથવા તો CGPA / માર્કસ સિસ્ટમ વગેરેમાં ભુલ ધ્યાનમાં આવે ત્યારે જુના ચેક બોક્ષ અનચેક કરી તમામ માહિતી ફરી ભરવાની રહેશે. આમ કરતા જો કોઈપણ સમસ્યા થાય તો આપે ફોન નંબર : 9723433969 પર યુનિવર્સિટી પર ફોન કરી માર્ગદર્શન લઈ વેરીફીકેશનની પ્રક્રિયા પુર્ણ કરવાની રહેશે.

તા.૦૬/૦૬/૨૦૧૮

ઈ.ચા.કુલસચિવ

પ્રતિ,

(૧) યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ તથા સ્વનિર્ભર અભ્યાસના કો–ઓર્ડીનેટરશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
(૨) યુનિવર્સિટી સંલગ્ન ગવર્નમેન્ટ,ગ્રાન્ટ–ઈન–એઈડ઼. તથા સ્વનિર્ભર અભ્યાસનું સંચાલન કરતી કોલેજોના આચાર્યશ્રીઓ,
.........જરૂરી ઘટિત કાર્યવાહી સારું.

Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ００૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક : પીજી / અનુસ્નાતક પ્રવેશ / ૮૯૧૭ / ૨૦૧૮.  તા. ૨૯ – ૫ – ૨૦૧૮

પ્રતિ,
યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રી, યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રી / પ્રોફેસર ઈન ચાર્જશ્રી અને સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસનું સંચાલન કરતી કોલેજના આચાર્યશ્રી,

વિષય : શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ દરમ્યાન અનુસ્નાતક ડીગ્રી / ડિપ્લોમાં અનુસ્નાતક અભ્યાસના પ્રવેશ ફોર્મ સબમીશન અને વેરીફીકેશન અંગે.

મહાશય / મહોદયા,
સવિનય જણાવવાનું કે, યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ / યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા ડીગ્રી / ડિપ્લોમાં (રેગ્યુલર / સ્વનિર્ભર સહિતના તમામ) અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ દરમ્યાન પ્રવેશની કાર્યવાહી સિન્ડીકેટની તા. ૨/૮–૫–૨૦૧૮ના ઠરાવ ક્રમાંક ( ૯૦ ) અન્વયે વિકેન્દ્રીત (decentralized) ધોરણે ઓનલાઈન પધ્ધતિથી કરવા ઠરાવેલ છે. જે અન્વયે અનુસ્નાતક અભ્યાસના ડીગ્રી / ડિપ્લોમાં પ્રવેશના ફોર્મ ઓન લાઈન પ્રવેશ પ્રક્રિયા મારફત સબમીટ કરવાની હોય, પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોના હિતાર્થે આપના અનુસ્નાતક વિભાગ / કોલેજમાં ઓન લાઈન સબમીશન માટે જરૂરી કોમ્પ્યુટર તથા ઈન્ટર નેટ સહિતની વ્યવસ્થા કરવાની આથી જાણ કરવામાં આવે છે. પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો દ્વારા ઓન લાઈન સબમીશન બાદ યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ / કોલેજમાં ચાલતા અનુસ્નાતક ડીગ્રી / ડિપ્લોમાં અભ્યાસક્રમના અરજીપત્રકો જે તે કોલેજ દ્વારા વેરીફાઈડ અને ક્રોસ વેરીફાઈ કરાવવાના રહેશે. વેરીફાઈ કરાવેલ પ્રવેશ પાત્રતા ધરાવતા ઉમેદવારોની પ્રવેશ અરજી અવલોકનમાં લઈ યુનિવર્સિટી દ્વારા,

(૧) આપના યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ / કોલેજોમાં ચાલતા અનુસ્નાતક ડીગ્રી / ડિપ્લોમાં અભ્યાસના પ્રવેશ માટે યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ / કોલેજો દ્વારા વેરીફાઈ કરેલ પ્રવેશ પાત્ર ઉમેદવારોની મેરીટ યાદી આપશ્રીને પ્રવેશની કાર્યવાહી માટે મોકલવામાં આવશે. આ મેરીટ યાદીમાંથી જ મેરીટના આધારે પ્રવેશની કાર્યવાહી કરવાની રહેશે.

**અથવા**

(૨) અનુસ્નાતક ડીગ્રી / ડિપ્લોમાં અભ્યાસક્રમની પ્રવેશની વ્યવસ્થાનું માપદંડ જો પ્રવેશ પરીક્ષા અથવા અન્ય પ્રકારે હશે, તો આવા અભ્યાસક્રમના ઉમેદવારોની પ્રવેશ અરજીઓ આપના ધ્વારા નિયમિત પ્રવેશ પાત્રતા ધરાવતા અને વેરીફાઈ કરેલ ઉમેદવારોની યાદીની આપશ્રીને જાણ કરવામાં આવશે. આ યાદીમાંથી જ પ્રવેશની આગળની કાર્યવાહી કરવાની રહેશે.

નોંધ : (૧) આપના દ્વારા કરવામાં આવેલ વેરીફીકેશનના આધારે પ્રવેશની અંતિમ કાર્યવાહી કરવામાં આવનાર હોય, આપના દ્વારા અનુસ્નાતક પ્રવેશ ફોર્મના વેરીફીકેશન કરતા સમયે ખૂબજ કાળજી રાખવાની આથી જાણ કરવામાં આવે છે.

(૨) યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગમાં ચાલતા સર્ટીફીકેટ કોર્ષમાં પ્રવેશ માટે ફોર્મ સબમીશન થી લઈ પ્રવેશ અને તે સંબધીત તમામ કામગીરી જે તે વિભાગ દ્વારા જ કરવાની રહેશે.

ઈ. ચા. કુલસચિવ